(1) 'Essential Commodities Act' માટે સાચાં વિધાન પસંદ કરો.

(i) તેના દ્વારા સરકાર જરૂરી વસ્તુઓનું ઉત્પાદન નિયંત્રિત કરી શકે છે પરંતુ તેના વિતરણ પર કોઈ બંધન કરી શકતી નથી.

(ii) આ અધિનિયમ અંતર્ગત મુખ્યત્વે દવાઓ, કઠોળ, ખાતર, પેટ્રોલીયમ પેદાશો જેવી ચીજ–વસ્તુઓની એક યાદી બનાવવામાં આવે છે.

(iii) આ નિયમનો ભંગ કરનારને માત્ર નાણાકીય દંડ ફટકારી શકાય છે પરંતું તેને જેલની સજા કરી શકાતી નથી.

(A) માત્ર (i) અને (iii)
(B) માત્ર (ii)
(C) માત્ર (ii) અને (iii)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ગ્રાહકોને યોગ્ય ભાવે કેટલીક જીવન જરૂરિયાતની ચીજ–વસ્તુઓ મળી રહે તે હેતુથી ઈ.સ. 1955માં 'Essential Commodities Act' નામનો કાયદો ઘડવામાં આવ્યો હતો.

⇛ આ કાયદા અંતર્ગત જીવન જરૂરિયાતની વસ્તુઓની એક યાદી તૈયાર કરવામાં આવે છે. આ યાદીમાં રહેલ વસ્તુઓના ઉત્પાદન, પુરવઠા અને વિતરણ પર સરકાર નિયંત્રણ રાખી શકે છે. (આથી વિધાન (i) ખોટું છે.)

⇛ આ યાદીમાં મુખ્યત્વે દવાઓ, કઠોળ, ખાતર ખાદ્યતેલ, પેટ્રોલીયમ પેદાશો વગેરેનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (ii) સાચું છે.)

⇛ તાજેતરમાં આ યાદીમાં માસ્ક અને સેનિટાઈઝરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

⇛ આ અધિનિયમ દ્વારા લોકોને જથ્થાખોરી અને વધારેલી કિંમત સમક્ષ રક્ષણ મળે છે. આ કાયદાનો ભંગ કરનારને 7 વર્ષની જેલ અથવા નાણાકીય દંડ અથવા બન્ને થઈ શકે છે. (આથી, વિધાન (iii) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) સ્પેનિશ ફ્લૂ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જોવા મળેલો તે એક 'પેન્ડેમીક' ફ્લૂ હતો.

(ii) આ ફ્લૂના વાયરસનું નામ 'H1N1' હતું.

(iii) ભારતમાં 1918માં 'બોમ્બે ફીવર' જોવા મળ્યો હતો. જે 'સ્પેનિશ ફ્લૂ'થી અલગ પરંતુ વધુ ભયાનક હતો.

(A) આપેલ તમામ

(B) માત્ર (i) અને (iii)

(C) માત્ર (i) અને (ii)

(D) માત્ર (iii)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ જાન્યુઆરી 1918થી ડિસેમ્બર 1920 (એટલે કે પ્રથમ વિશ્વયુદ્ધનો સમયગાળો) દરમિયાન સ્પેનિશ ફ્લૂ નામનો પેન્ડેમીક ફ્લૂ વિશ્વમાં પ્રસર્યો હતો. (વિધાન (i) સાચું છે.)

⇛ આ ફ્લૂ દ્વારા વિશ્વની આશરે 25% વસતીને અસર થઈ હતી (આશરે 50 કરોડ કેસ) અને મૃત્યુ પામનારની સંખ્યાનો અંદાજ આશરે 2 કરોડથી 5 કરોડ હતો.

⇛ ભારતમાં મુંબઈમાં આવતાં વહાણો દ્વારા આ રોગ ભારતમાં પ્રસર્યો હોવાથી 'સ્પેનિશ ફ્લૂ'ને ભારતમાં 'બોમ્બે ફીવર' તરીકે ઓળખવામાં આવતો હતો. (આથી, વિધાન (iii) ખોટું છે.)

⇛ સ્પેનિશ ફ્લૂના મુખ્ય વાયરસ તરીકે 'Influenza A Virus Subtype H1N1' હતો. આ વાયરસ વર્ષ 2009માં પણ જોવા મળ્યો હતો. (વિધાન (ii) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) 'સનરાઈઝ' મિશન વિશે નીચેનામાંથી ખોટા વિધાન પસંદ કરો.**

(i) 'સોલાર સ્ટોર્મ્સ'નો અભ્યાસ કરવા માટેનું આ એક મિશન છે.

(ii) આ મિશન 'યુરોપીયન સ્પેસ એજન્સી' દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

(iii) સનરાઈઝનું પૂરું નામ 'Sun Radio Interferometer Space Experiment' છે.

(A) માત્ર (iii) (B) માત્ર (ii)

(C) માત્ર (i) અને (iii) (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ 30 માર્ચ, 2020ના રોજ 'નાસા' દ્વારા સનરાઈઝ મિશન જાહેર કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (ii) ખોટું છે.)

⇛ આ મિશન દ્વારા 'સોલાર સ્ટોર્મ્સ'નો અભ્યાસ કરીને સૌર પ્રણાલી વિશે સમજૂતિ કેળવવામાં આવશે. આ અભ્યાસ થકી મંગળ ગ્રહ પર જતાં એસ્ટ્રોનોટ્સને 'સોલાર સ્ટોર્મ્સ'ના કિરણોથી બચાવી શકાશે. (વિધાન (i) સાચું છે.)

⇛ 'જીઓ–સિંક્રોનસ' ઓરબીટમાં 6 ક્યુબસેટ ઉપગ્રહો તરતા મૂકવામાં આવશે. આ ઉપગ્રહો રેડિયો ટેલિસ્કોપનો ઉપયોગ કરશે.

⇛ SUNRISEનું પૂરું નામ 'Sun Radio Interferometer Space Experiment' છે. (આથી વિધાન (iii) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) 'ચીત્તા' વિશે નીચેનામામાંથી સાચાં વિધાનો પસંદ કરો.

(i) તે 1952થી ભારતમાં 'લુપ્ત' છે.

(ii) તે પૃથ્વી પરનું સૌથી ઝડપી પ્રાણી છે.

(iii) થોડા સમય અગાઉ સુપ્રીમ કોર્ટ દ્વારા 'આફ્રિકન ચિત્તા'ઓને ભારતમાં લાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

(iv) વિશ્વમાં માત્ર 20,000થી 25,000 ચિત્તાઓ જ મુક્ત રીતે જીવીત છે.

(A) માત્ર (i), (ii) અને (iii) (B) માત્ર (ii)

(C) માત્ર (ii), (iii) અને (iv) (D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ ચિત્તાઓ પૃથ્વી પરનું સૌથી ઝડપી પ્રાણી છે. (વિધાન (ii) સાચું છે.)

⇛ વિશ્વમાં આશરે 7000 ચિત્તાઓ જ જીવંત છે. જે પૈકી મોટાં ભાગના ચિત્તાઓ આફ્રિકામાં જોવા મળે છે. (વિધાન (iv) ખોટું છે.)

⇛ ભારતમાં 1948માં છેલ્લા 'ચિત્તા'નું મૃત્યુ થયું હતું ત્યારબાદ 1952માં તેને 'લુપ્ત' જાહેર કરવામાં આવ્યો હતો. (વિધાન (i) સાચું છે.)

⇛ ત્યારબાદ ચિત્તાને ભારતમાં પુનઃપ્રસ્થાપિત કરવામાં ઘણાં પ્રયત્નો થયા છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા 'આફ્રિકન ચિત્તા'ઓને ભારતમાં પુનઃપ્રસ્થાપિત કરવાનો આદેશ NTCA (National Tiger Conservation Authority) ને આપવામાં આવ્યો છે. (વિધાન (iii) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) નીચેનામાંથી સાચાં વિધાનો પસંદ કરો.

(i) ADB દ્વારા NIIFમાં 100 બિલિયન ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

(ii) NIIFની સ્થાપના વર્ષ 2015માં કરવામાં આવી હતી.

(iii) NIIFમાં આવેલ ફંડનું પરિવહન, ઊર્જા, પાણી, આવાસ અને કચરા વ્યવસ્થાપનમાં જ રોકાણ કરવામાં આવે છે.

(iv) NIIF અંગર્તત અન્ય બે પેટા–ફંડનો સમાવેશ થાય છે.

(A) માત્ર (i) અને (ii)
(B) માત્ર (ii) અને (iv)
(C) માત્ર (i) અને (iii)
(D) માત્ર (ii) અને (iii)

**સમજૂતી :**

⇛ એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) દ્વારા NIIF (National Investment and Infrastructure Funds)માં 100 મિલિયન ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. (આથી, વિધાન (i) ખોટું છે.)

**NIIF વિશે :**

⇛ સ્થાપના : 2015

⇛ ઉદ્દેશ : ગ્રીનફિલ્ડ તથા બ્રાઉનફિલ્ડ પ્રોજેકટમાં રોકાણને પ્રોત્સાહન આપવું.

⇛ પેટાફંડ : 3 (i) Master Fund
(II) Fund of Funds
(III) Strategic Investment Fund

(આથી, વિધાન (ii) સાચું અને વિધાન (iv) ખોટું છે.)

⇛ NIIF દ્વારા નીચેના ક્ષેત્રોમાં ફંડને ઈન્વેસ્ટ કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.
- પરિવહન
- ઊર્જા
- પાણી
- આવાસ
- કચરા વ્યવસ્થાપન

(આથી, વિધાન (iii) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT